ઉપદેશેલ અને બધા દ્વૈત, અદ્વૈતવાદી આચાર્યોએ અસદ્ગ્રંથ ખંડન પૂર્વક પરમપ્રમાણપણે સ્વીકારેલ શ્રીમદ્ભગવદ્ ગીતા, તેવી જ રીતે શ્રીમદ્ભાગવત પણ અસત્ય થયું. તેવી જ રીતે તમોએ પણ મોક્ષ માટે જે મહાવાકયાદિ શ્રવણ કર્યું તે ગુરૂ પણ અસત્ય (મિથ્યા), તેવી રીતે મહાગુરૂદ્રોહ કર્યો. **''જેવી પરમદેવ પરમેશ્વરમાં ભક્તિ છે તથા જે પ્રમાણે પરમેશ્વરમાં છે તે જ પ્રમાણે ગુરૂમાં પણ છે. તે મહાત્મા પુરૂષના હૃદયમાં જ જે બતાવેલા રહસ્યમય અર્થ પ્રકાશિત થાય છે.'' (શ્વેતા.૬/૨૩)** તેજ વિદ્યા વડે કરીને તેને જન્મ આપે છે, અને તે શ્રેષ્ઠ જનો છે તેમનો દ્રોહ કયારેય ન કરવો. **''ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણું, ગુરૂ મહાદેવ છે, ગુરૂ જ પરબ્રહ્મ છે એટલા માટે ગુરૂને નમસ્કાર છે, આચાર્ય મને જાણો,''(અમનસ્કોપનિષદ.૨/૪૨) ''ગુરૂને મારૂં જ રૂપ સમજવું''(ભાગ.૧૧/૧૭/૨૭)** ઈત્યાદિ શ્રુતિ સ્મૃતિનાં વચનો પણ અસત્ય કરી, તે સચ્છાસ્ત્રોનો દ્રોહ પણ કર્યો. ઉપરાંત તેમણે જગદ્ગુરૂ ભગવાનનો પણ દ્રોહ કર્યો તથા ગુરૂ શિષ્ય પરંપરાને અસત્ય ઠરાવીને પોતાનો પણ દ્રોહ કર્યો, ઈત્યાદિ. તો હવે તમારી શી ગતિ થશે?

શંકા- અજ્ઞાન કાળમાં માયા અને તેનું કાર્ય, ગુરૂ શિષ્ય જ્ઞાનોપદેશ, શ્રુતિ સ્મૃતિ વાકયાદિક અમારા મતમાં સત્ય જ છે, પરંતુ અમો તો જ્ઞાનકાળે જ સર્વનું મિથ્યાપણું કહીએ છીએ. ત્યાં શ્રુતિઓ છે કે **''જેને સઘળુ આત્મા થઈ ગયું છે તે શેને શા વતે જુએ ?'' (બૃ.ઉ.૪/૫/૧૫) ''જે જુદા જુદા જેવું જુએ છે તે**

મૃત્યુ પછી મૃત્યુ પામે છે'' (ક.ઉ.૪/૧૦) ''આ સઘળુ ખરેખર બ્રહ્મ છે'' (છા.ઉ.૩/૧૪/૧) ''અને જુદુ જુદુ કશું જ નથી''(ક.ઉ.૪/૧૧) ઈત્યાદિ, તો શું દોષ છે. તો જુઓ સર્વશાસ્ત્રોમાં જ્ઞાનવાળા ગુરૂને જ જ્ઞાન પ્રાપ્તિ અર્થે આશ્રય કરવાનું નિરૂપેલું છે. પરંતુ ક્યારેય પણ અજ્ઞાનીને નહીં. જેમ કે **''હાથમાં સમિધ લઈને તેને (બ્રહ્મને) જાણવા માટે શ્રુતિ શાસ્ત્રને જાણનાર અને બ્રહ્મમાં સ્થિતિવાળા એવા ગુરૂ પાસે જ જવું'' (મુ.ઉ.૧/૨/૧૨)**આવી શ્રુતિ છે તથા શ્રીમદ્‌ભાગવતમાં પણ કહ્યું છે કે **''સર્વોત્તમ કલ્યાણને જાણવાની ઈચ્છા રાખનારે શબ્દબ્રહ્મ અર્થાત્ વેદમાં અને પરંબ્રહ્મ પરમાત્માના અનુભવમાં નિષ્ણાત તથા ઉપશમના આશ્રયરૂપ ગુરૂને શરણે જવું જોઈએ''(ભાગ.૧૧/૩/૨૧)** અને ગીતામાં પણ **''એ જ્ઞાનને તું તત્ત્વદર્શિ જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે, એમને યોગ્ય રીતે દંડવત પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી, તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પુછવાથી, પરમાત્મા તત્ત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે. ''(ગીતા.૪/૩૪)** જ્ઞાની ગુરૂના જ્ઞાન ઉપદેશના સમયે વર્તમાન હોવાથી માયા વગેરે સકળ પ્રપંચનું ગુરૂ શિષ્ય ભાવનો પણ અત્યંત અભાવ હોવાથી દ્વૈત, દ્રષ્ટિપૂર્વક શિષ્યને ઉપદેશ કેવી રીતે સંભવે? 'આ હું ગુરૂ છે અને આ મારો શિષ્ય છે, મારે અનેક શાસ્ત્રોપદેશ યુક્તિ વડે આનું અજ્ઞાન દૂર કરવું જોઈએ.' આ પ્રમાણે ભેદદ્રષ્ટિ વિના કોઈ પણ ઉપદેશ કરી શકતો નથી. અને તે ભેદદ્રષ્ટિ વિના જ્ઞાની કેવી રીતે રહી શકે ?

નનું - 'બળેલ વસ્ત્રના ન્યાય વડે જ્ઞાની પણ બાધિતાનુવૃત્તિથી (નિરાકરણ કરેલ છતાં અનુસરવું. જેમ જગત અજ્ઞાનથી પ્રતિત થાય છે, એમ નિશ્ચિત કરેલું હોવા છતાં તેને અનુસરવું તે બાધિતાનુવૃત્તિથી) કેટલોક સમય રહે છે એટલે શિષ્યોને ઉપદેશ કરી શકે છે.' તો સાંભળો જો એમ હોય તો યથાર્થજ્ઞાન પ્રવૃત્તિ સમયે બાધિતાનુવૃત્તિ જો રહે, તો ત્યારે તો **"જ્યારે એ પરમાત્મા સ્વરૂપના જ્ઞાને કરીને જેણે તે અનાદિ અજ્ઞાન નાશ કરી નાખ્યું છે તેમને જ તે આત્મસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મ સ્વરૂપનું પરમજ્ઞાન સૂર્યની માફક પ્રકાશે છે'' (ગીતા.૫/૫૬)''જ્ઞાન રૂપી અગ્નિ બધા જ કર્મોને બાળી નાખે છે''(ગીતા.૪/૩૭)** વગેરે સ્મૃતિઓનો વિરોધ થાય. જેમાં સાક્ષાત્ સૂર્યદેવ રહેલા છે તેવા મંદિરમાં જરા પણ અંધારૂં રહેતું નથી. રજજુના સાક્ષાત્કાર સમયે સર્પભૂત ભ્રમનો ઉપલમ્ભ (પ્રાપ્તિ) થાય છે. તે પોતાના અનુભવ વિરૂદ્ધ થાય. અહીં જો તે ન રહે તો દ્વૈત દર્શનનાં અભાવથી શિષ્યના ઉપદેશ માટે પ્રવૃત્તિ પણ ઘટે નહિ.

શંકા- **''બાધિતાનુવૃત્તિનું નામ મિથ્યાત્વપણે નિશ્ચય કરાયેલ તે તે પદાર્થોના અહંકાર મમાકાર ત્યાગપૂર્વક અનાશક્તિ વડે કરીને સેવન તે અસેવન જ થાય અને ભગવાને ગીતામાં પણ કહ્યું છે કે ''ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને સત્વાદિક ત્રણ ગુણ એ સર્વથી વિલક્ષણ એવા શુદ્ધ આત્મસ્વરૂપનો સાક્ષાત્ કારે યુકત અને તત્વ જે આત્મતત્ત્વ તેને જ્ઞાન**

અને આનંદાદિક ગુણદાનપણે જ જે જાણે છે, પણ તેથી અન્યથા (બીજી રીતે) નથી જાણતો. તેવો જ્ઞાની પુરૂષ ચક્ષુથી રૂપને જોતો થકો, શ્રોત્રથી શબ્દને સાંભળતો થકો, ત્વચાથી પોતાના વિષયને સ્પર્શ કરતો થકો, ઘ્રાણથી ગંધને ગ્રહણ કરતો થકો, (સૂંઘતો) રસનાથી રસને ગ્રહણ કરતો થકો, પગથી પૃથ્વી ઉપર ચાલતો થકો, શયન કરતો થકો, પ્રાણને ગ્રહણ કરતો થકો, અને બહાર જવા દેતો થકો, બોલવાની ક્રિયા કરતો થકો, મળમૂત્રાદિકનો વિસર્ગ (ત્યાગ) કરતો થકો, ગ્રહણ કરતો થકો, નેત્રને ઉઘાડતો થકો, અને બંધ કરતો થકો, આ પ્રમાણે દરેક ક્રિયાને કરતો થકો પણ ચક્ષુ આદિક જ્ઞાનેન્દ્રિયો અને વાગાદિક કર્મેન્દ્રિયો અને પ્રાણની વૃત્તિરૂપ ક્રિયાઓ એ સઘળા પોતપોતાના વિષયોમાં આપો આપ પ્રવર્તે છે એમ ધારતો-વિચારતો થકો, હું કાંઈ જ કરતો નથી એમ માને છે'' (ગીતા-૫/૮-૯ કારણ કે કર્તાપણાના અભિમાને રહિતપણું હોવાથી, ટુંકમાં મનથી વિષયોમાં જોડાતો નથી) એટલા માટે જ્ઞાની પુરૂષો વડે શિષ્યને ઉપદેશ કરવાપણું વગેરે બધું જ સર્વ સંમત છે.

તો અહીયાં અમે પૂછીએ છીએ કે જો બાધિતાનુંવૃત્તિ એટલે કે ભ્રમજ્ઞાનના વશપણાથી ગુરૂવડે શિષ્યોપદેશાદિ સત્કર્મ કરાય તો તે યોગ્ય જ હોવાથી કંઈજ કહેવાનું રહેતું નથી. પણ જો કંઈક શ્રુતિ સ્મૃતિ વિરૂદ્ધ આચરણ કયારેક કરાય તો તેનું પ્રાયશ્ચિત કરવું કે નહિ ? તો સાંભળો, તમોએ મહામુકતોનાં વચનો નથી સાંભળ્યાં એવું જણાય છે. "ત્રણ ગુણ(સત્વ, રજ,

તમ)થી માર્ગમાં વર્તતાને શું વિધિ અને શું નિષેધ.” જો એમ કહેતા હો તો સાંભળો, તે સર્વથા યોગ્ય નથી. તેવી જ રીતે સકળ બ્રહ્મવિદ્યા પ્રવર્તક આચાર્ય, અખંડ બ્રહ્મસ્વરૂપ સ્થિતિવાળા શ્રી મહાદેવ પૂર્ણકામ ઈશ્વરે પણ જયારે અપશબ્દ બોલતા બ્રહ્માના પાંચમાં મસ્તકને ત્રિશુલ વડે છેદી નાખ્યું ત્યારે ચાર મસ્તક બાકી રહેલાં હોવાથી બ્રહ્મના(બ્રહ્માના) વધના અભાવે પણ બ્રહ્મહત્યાના કરનારાની જેમજ તેમનું મસ્તક હાથમાં લઈને તેનું પ્રાયશ્ચિત કરતા થકા પૃથ્વી ઉપર સકળ તીર્થયાત્રા કરતા થકા બદરીધામમાં મોટું તપ કર્યું . આ પ્રમાણેની કથા મહાભારતમાં પ્રસિદ્ધ છે તથા બ્રહ્મવેતાઓમાં શ્રેષ્ઠ સમાધિનિષ્ઠ ચતુર્મુખ બ્રહ્માપણ પોતે આપેલા વરની પરીક્ષા માટે ઉદ્ભવ થયેલા કામ બાણને પરવશ થઈને સ્ત્રીના અંગસંગની કામનાથી વ્યાકુળ પુત્રી સરસ્વતીને સામે જોતાં જ તેની પાછળ દોડયા. ત્યાર પછી તેના અંગોના સ્પર્શ વિના પણ તે દોષની નિવૃત્તિ માટે દેહાંત પ્રાયશ્ચિત કર્યું. તેણે પોતાના શરીરને યોગધારણા વડે ત્યાગ કર્યો તે કથા શ્રીમદ્ ભાગવત્ પુરાણના તૃતીય સ્કંધ-અ.૧૨. તથા અન્ય પુરાણોમાં પ્રસિદ્ધ છે તથા બ્રહ્મવિત્શ્રેષ્ઠ વૈશંપાયનમુનિ પણ બ્રાહ્મણ શાપને વશ થયા થકા સહજભાવે પોતાથી પોતાના ભાણેજનો વધ થવાથી બ્રહ્મહત્યાવ્રત શિષ્યો પાસે કરાવતા હતા. તે કથા વિષ્ણુપુરાણ (અંશ.૩/૫) આદિમાં પ્રસિદ્ધ છે. તથા બ્રહ્મનિષ્ઠોમાં શ્રેષ્ઠ લિખિત મુનિએ શંખ નામના પોતાના મોટા ભાઈના આશ્રમે નહિ આપેલાં ફળના ભક્ષણ માત્રના દોષથી અર્થાત્ શંખમુનિને પુછયા

વિના ફળ ભક્ષણમાત્રમાં પ્રવૃત્ત થતા દોષથી પણ, મુખ્યકલ્પ (યોગ્ય) પ્રાયશ્ચિતને કરતા હતા. પ્રાયશ્ચિતના ફળરૂપે સુદ્યુમ્ન રાજાએ ધર્મશાસ્ત્ર પ્રમાણે તેઓના હાથ કાપી નાખ્યા. પણ ખરેખર રાજાએ આપેલું અલ્પ અયોગ્ય પ્રાયશ્ચિત સ્વિકાર કરતા ન હતા. તે કથા મહાભારતના શાન્તિપર્વ/રાજધર્મ/અ.૪૭માં પ્રસિદ્ધ છે. આ પ્રમાણે બીજા ઘણા બ્રહ્મનિષ્ઠોએ ક્યારેય પરવશપણાને લીધે પણ પાપનો સંભવ થયો હોય તો તેનું પ્રાયશ્ચિત યથાવિધિ કરેલ છે. આ તો નૈમિત્તિક કહેલ છે.

હવે નિત્યને કહે છે, બ્રહ્મવિદોમાં અગ્રણી શ્રીમહાદેવ તીવ્રવૈરાગ્યને આચરીને બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરતા થકા જ મહર્ષિની જેમ ઘોર તપને કરે છે તથા બ્રહ્મવિદ્ બ્રહ્મા પણ નિત્ય ક્ષીર સમુદ્રમાં રહેલ વૈજયંત પર્વત ઉપર મહાન્ તપને કરે છે તથા બ્રહ્મવિદ્ અઠ્યાસી હજાર શૌનકાદિ મહર્ષિઓ નૈમિષારણ્યાદિ ક્ષેત્રોમાં તપને કરે છે, એવી જ રીતે નૈષ્ઠિક બ્રહ્મવિદ્ એંસી હજાર ઋષિઓ પણ તપને કરે છે તથા બ્રહ્મનિષ્ઠ સિદ્ધયોગીશ્વર દત્તાત્રેય મહામુનિ પણ **''જે રીતે પતંગિયું મોહવશ અગ્નિમાં બળી મરે તેજ રીતે અજીતેન્દ્રિય વ્યકિત દેવ માયારૂપી સ્ત્રીને જોઈને તેના મોહમાં ફસાઈને અંધકારમય ઘોર નરકમાં પડે છે. કંચન, કામિનિ, આભૂષણ, વસ્ત્રાદિ જેટલાં પણ દ્રવ્યો છે તે બધાં માયાથી બનેલાં છે. મુઢ બુદ્ધિવાળો મનુષ્ય ઉપભોગ બુદ્ધિથી તેમનામાં આસક્ત થઈને પોતાનો વિવેક ગુમાવી બેસે છે અને પેલાં પતંગિયાંની જેમ સ્વયં તેમાં જઈને પોતાનો નાશ કરી બેસે છે''**

(ભાગ.૧૧/૮/૭-૮ હાથીનું બે શ્લોકથી દ્રષ્ટાંત આપતા ભગવાન દત્તાત્રેય કહે છે) **“હાથી પાસેથી જ સ્પર્શ સુખની લાલસાના ત્યાગનો બોધ અમે લીધો. સન્યાસીએ સાવધાન રહી લાકડાંથી બનાવેલી સ્ત્રીની પૂતળીને પગથી પણ સ્પર્શ કરવો નહિ, અન્યથા હાથણીમાં અકસ્માત હાથી જે રીતે બંધાઈ જાય છે તેમ તે પણ બંધનમાં આવી જાય છે. વિવેકી પુરૂષે સ્ત્રી કે જે પોતાના જ મૃત્યુનું કદાચ કારણ બની શકે છે. તેની સમીપ ન જવું જોઈએ કેમ કે હાથણીમાં આસકત હાથી બીજા બળવાન હાથી દ્વારા મરાઈ જાય છે. તેજ પ્રમાણે તેપણ મૃત્યુનો શિકાર બની શકે છે.’’(ભાગ.૧૧/૮/૧૩–૧૪) “અમે હરણથી એ બોધ લીધો કે જંગલમાં રહેતા સન્યાસીએ કયારેય સાંસારિક વિષયનાં ગીત ન સાંભળવાં. તેણે એ બોધ હરણ પાસેથી ગ્રહણ કરવો, જે શિકારીના મધુર ગીતમાં મોહિત થઈને પકડાઈ જાય છે.(ભાગ.૧૧/૮/૧૭)** ઈત્યાદિ વાકયો વડે કરીને બ્રહ્મવિત્ સદાચારનું પ્રતિપાદન કરીને પોતે (દત્તાત્રેય)તેવી રીતે આચરણ કરીને તપને કરે છે. તથા સાંખ્યાચાર્ય શ્રી કપિલમહામુનિ પણ-

‘‘જેમના સંગથી એના સત્ય, શૌચ (આંતરિક અને બાહ્ય પવિત્રતા) દયા, વાક્સંયમ, બુદ્ધિ, ધન, સંપત્તિ, લજજા, યશ, ક્ષમા, મન ઈન્દ્રિયોનો સંયમ તથા ઐશ્વર્ય વગેરે તમામ સદ્ગુણોનો નાશ થઈ જાય છે. તેથી અત્યંત શોચનીય, સ્ત્રીઓના ક્રીડામૃગ(રમકડાં) અશાંત, મુઢ અને દેહાત્મદર્શી (શરીરમાં એ હું છું એમ જોનાર) એવા અસત્પુરૂષોનો સંગ

કયારેય કરવો જોઈએ નહિ. કારણ કે આ જીવને કોઈ અન્યનો સંગ કરવાથી એટલો મોહ અને બંધન થતાં નથી કે જેટલાં તે સ્ત્રીઓનો અને સ્ત્રીઓનો સંગ કરનારાઓનો સંગ કરવાથી થાય છે. એકવાર પોતાની પુત્રી સરસ્વતીને જોઈને બ્રહ્માજી પણ તેના રૂપ લાવણ્યથી મોહિત થઈ ગયા હતા અને સરસ્વતી મૃગીરૂપ બનીને ભાગવા લાગી. બ્રહ્માજી ત્યારે મૃગરૂપ થઈને નિર્લજજપણે તેની પાછળ દોડવા લાગ્યા હતા. તેજ બ્રહ્માજીએ મરીચિ વગેરે પ્રજાપતિઓનુ કશ્યપ વગેરેનું અને કશ્યપ વગેરેએ દેવો–મનુષ્યો વગેરે પ્રાણીઓનું સર્જન કર્યું, તેથી એઓમાંના એક ઋષિ શ્રેષ્ઠ નારાયણને બાદ કરતા એવો કોણ પુરૂષ હોઈ શકે કે જેની બુદ્ધિ સ્ત્રીરૂપ માયાથી મોહિત ન થાય ? અહો! આ સ્ત્રીરૂપી મારી માયાનીજ શકિત તો જુઓ ! કે જે પોતાની ભ્રકુટિના વિલાસ માત્રથી મોટા–મોટા દિગ્વિજયી વીરોને પણ પોતાના પગથી કચડી નાખે છે. જે મનુષ્ય યોગના પરમપદ પર આરૂઢ થવા ઈચ્છે છે અથવા જેને મારી સેવા કરવાના પ્રભાવને લીધે આત્મા અને અનાત્માનો વિવેક થઈ ગયો છે, તેણે કયારેય સ્ત્રીસંગ કરવો નહિ કારણ કે તેમને (સ્ત્રીઓને) પુરૂષોને માટે નરકનું ખુલ્લું દ્વાર બતાવવામાં આવી છે.''(ભાગ–૩/૩૧/૩૩ થી ૩૯) ઈત્યાદિ વાકયો વડે તે બ્રહ્મવેત્તાને શિક્ષા (ઉપદેશ) આપીને સ્વયં તપને કરે છે. તથા પરમહંસમાત્રના પરમગુરૂ ઋષભદેવ ભગવાને પણ–

''શાસ્ત્રોએ મહાપુરૂષોની સેવાને મુક્તિનું દ્વાર કહ્યું છે. મહાપુરૂષો તેઓ જ છે કે, જેઓ સમતાયુક્તચિત્તવાળા, પરમશાંતિયુક્ત, ક્રોધ રહિત, સૌના હિત ચિંતક અને સદાચારથી સંપન્ન હોય.''(ભાગ–૫/૫/૨) વગેરે વાક્યો વડે જ્ઞાનીઓને ઉપદેશ આપીને પોતે સ્વયં ઉગ્ર તપનું આચરણ કર્યું. તથા જેમણે બ્રહ્માત્માનુભવ પ્રાપ્ત કરીને વિષય સુખનો ત્યાગ કર્યો છે એવા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ યયાતિ રાજાએ પણ **''માતા, બહેન અને પોતાની પુત્રીની સાથે એકાંત સ્થળમાં અથવા એક સાંકડાં આસનમાં ન બેસવું કારણકે ઈન્દ્રિઓનો સમૂહ બળવાન છે, તે વિદ્વાનોને પણ આકર્ષે છે, ગેર માર્ગે દોરી જાય છે.''(ભાગ–૯/૧૯/૧૭)** આવી રીતે લોકોને શિક્ષણ આપીને તપ કર્યું. આ પ્રમાણે ઘણા બ્રહ્મનિષ્ઠ જ્ઞાનીઓએ પણ પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય ધર્મ પાળીને, કયારેક દુષ્કૃતતા સંભવતાં તત્કાળ તેનું નિરાકરણ (પ્રાયશ્ચિત) કરીને તપ કર્યું છે. અથવા કરે છે તો તે સચ્છાસ્ત્ર શિષ્ટાચાર પ્રમાણ સિદ્ધ થાય છે અને જે **"नैव किंचित् करोमि सः। પોતે કશું જ કરતો નથી.''(ગીતા–૫/૮)** ઈત્યાદિ ભગવદ્ગીતા વાક્ય તે પણ જ્ઞાન નિષ્ઠા વડે ભક્તિનિષ્ઠા વડે અથવા કર્મ ફળની અનિચ્છાથી વેદોક્ત સદાચાર મર્યાદા પાલન કરવા માટે યથાયોગ્ય પોતપોતાના વર્ણાશ્રમધર્મ પાલન કરવા માટે જ છે. પરંતુ દત્તાત્રેય આદિ સિદ્ધ યોગીન્દ્રે પ્રતિપાદન કરેલા અહિંસા, બ્રહ્મચર્ય, રસત્યાગ, શમ, દમાદિ ધર્મના અધિકારી જ્ઞાની ગુરૂઓના યથેચ્છાચરણ માટે છૂટ આપવા નહિં. **"स्वधर्मे**

निधनं श्रेयः परधर्मो भयावहः। **પોતાનાં કર્તવ્ય કર્મો કરવામાં મરણ થાય, તો તે પણ અન્યનાં કર્તવ્ય કર્મમાં પ્રવૃત્ત થવા કરતાં સારૂં છે. કારણકે અન્યના માર્ગને અનુસરવું ભયાવહ હોય છે.''(ગીતા–૩/૩૫)** આ પ્રમાણે તેનો સિદ્ધાંત છે તેમ છતાં પણ જ્ઞાનીઓને વિધિનિષેધનું ઉલ્લંઘન સ્વેછાચરણનું પ્રતિપાદન તો તમારૂં અતિદૂષણપણું છે, એમ માનવું જોઈએ.

ननु- સાધનદશામાં વિધિનિષેધનું પાલન યોગ્ય જ છે. જેણે સિદ્ધદશા પ્રાપ્ત કરી લીધી છે, તેવા યોગીન્દ્રોને તે પાલનનો નિષેધ છે. પણ તે બધા માટે નથી. અને આદિ જગદ્‌ગુરૂ શંકરાચાર્યશ્રીએ કહ્યું છે કે **''જ્યારે હું ચિદાનંદ સિંધુમાં નિમગ્ન (તલ્લિન)હોઉં છું ત્યારે સુક્ષ્મ નથી, સ્થૂળ નથી, સ્થાવર જંગમ કંઈ પણ નથી. કર્મ નથી, ધર્મ અધર્મ કંઈ પણ નથી. ત્યારે કામિની (સ્ત્રી) નથી, કામ નથી, કામી (પુરૂષ) નથી, નપુંસક નથી, વર્ણાશ્રમાદિ ધર્મો નથી અને શિષ્યવર્ગ પણ નથી અને ગુરૂ પણ નથી. તે કયારે? તો હું જયારે ચિદાનંદ સિંધુમાં નિમગ્ન(તલ્લિન) હોઉં છું ત્યારે.''** અને પંચદશીમાં વિદ્યારણ્યજી પણ કહે છે કે **'જેવી રીતે કમળ પત્રમાં પાણીને સંસર્ગ થતો નથી, તેવી રીતે જ્ઞાનીઓને આગામી કર્મોનો સંસર્ગ થતો નથી. ઈત્યાદિ'**

તો અહિં કહેવું જોઈએ કે જો શ્રી મહાદેવ વગેરે પ્રવૃત્તિ નિવૃત્તિ ધર્મનિષ્ઠ મહાપુરૂષો બ્રહ્મનિષ્ઠ ગુરૂઓ પણ સાધનદશાવાળા તો પછી સિદ્ધદશાવાળા કયા પુરૂષોને તમે માનેલા છે? આશ્ચર્ય છે કે, તમારા મતે શિવ, બ્રહ્મા વગેરે મહાપુરૂષો

બીજાની જેમ અલ્પ. તો પછી પારમાર્થિક ભેદ દ્રષ્ટિ મૂલક મોટી વિષમતા વર્તે છે, અમારા મતે તો દરેક જીવો, ઈશ્વરો ચૈતન્યરૂપથી સમાન જ છે અને જે ભેદ પ્રતીતિ છે તે તો વિચિત્ર દેહોપાધિરૂપ છે, નહિ કે વાસ્તવિક. એટલા માટે કોઈ પણ જીવ મહાન્ આત્મા નથી. સર્વ બધા જ બ્રહ્મ છે 'सर्वं खल्विदं ब्रह्म' આ પ્રમાણે શ્રુતિ છે. હવે જ્ઞાની જનોનો સમદર્શન પ્રકાર બતાવે છે **''એવા જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરાં અને ચંડાળમાં પણ સમાન દ્રષ્ટિવાળા જ હોય છે.''(ગીતા.૫/૧૮) ''અપૂજય માણસની પૂજા કરવાથી તેમજ પૂજય પુરૂષોની પૂજા નહિ કરવાથી, માણસ નિશ્ચેજ મનુષ્ય ઘાત કર્યા જેટલું પાપ દોષ પામે છે.''** ઈત્યાદિ સ્મૃતિથી આ બધું જ સમયસર બ્રહ્મ જ છે. જો એમ હોય તો બધાના જ બ્રહ્મરૂપપણાથી વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થાનો બાધ ન થાય ? જીવના એકપણાથી સ્વર્ગ નરક ગમન હેતું વિહિત નિષિદ્ધ કર્મો વ્યર્થ થાય. કર્મની વિષમતાથી કરાયેલ સ્થાવર, જંગમ, બદ્ધ, મુકત વગેરે જીવ વ્યવસ્થાની પણ હાનિ થાય. બધાને સુખ દુઃખ સમાનભાવથી થાય ત્યાં ત્યાં શ્રુતિઓ કહે છે. કે **''બ્રાહ્મણોએ નિત્ય સંધ્યાની ઉપાસના કરવી,'' ''બ્રાહ્મણો છ અંગોએ સહિત વેદોનો અભ્યાસ કરવો અને જાણવો,'' (પતંજલી મહાભાષ્ય) ''અસુરોના ઉપભોગ માટે પ્રસિદ્ધ ગાઢ અંધકારવાળા નાના પ્રકારની યોનીઓ તેમજ નરકરૂપ લોક છે. તેઓ દેહત્યાગ કરી તે લોકને વારંવાર પામે છે. કયા તે જનો ? કે જેઓ બ્રહ્મજ્ઞાનથી રહિત છે તેઓ પોતાના આત્માને સંસારરૂપી વનમાં જન્મ**

મરણરૂપી, કલેશને પમાડે છે. માટે આત્મહત્યારા કહેવાય છે'' **(ઈશા.ઉ.મ.૩)** ''જેઓ રમણીય એટલે કે શ્રુતિ સ્મૃતિની આજ્ઞા પ્રમાણે સુંદર આચરણ કરનારા છે, તેઓ રમણીય યોનિ સુખરૂપ દેહને પામે છે. બ્રાહ્મણ યોની કે ક્ષત્રિય યોની કે વૈશ્ય યોની જે શાસ્ત્રની આજ્ઞા વિરૂદ્ધ દુષ્ટ આચરણ કરનારા છે તે કુતરાની યોનીને કે સુકર(ભૂંડ) યોની કે ચંડાલ યોની એવી દુષ્ટ યોનીને પામે છે ''(છા.ઉ.૫/૧૦/૭)**''જે સારૂ કર્મ કરે છે તેનું સારૂ થાય છે, પાપ કર્મ કરનાર પાપી(દુઃખી) થાય છે, પૂણ્ય પૂણ્ય કર્મ વડે થાય છે** અને પાપ પાપ કર્મથી થાય છે'' (બૃહ.ઉ.૬/૪/૫) ''જે લોકો હૃદય ગુહામાં રહેલા પરમાત્માની ઉપાસના કરે છે તે પરમવ્યોમ સ્થાન અક્ષરધામ નામના દિવ્યસ્થાનમાં સર્વે કામોંને દિવ્ય ભોગોને પરમાત્માની સાથે ભોગવે છે.''(તૈ.ક.૨/૨/૧) ''તે વિદ્વાન ઉપાસક જો તે પરબ્રહ્મને જાણે નહિ તો મહાન હાનિ થાય અને જે આત્મા એટલે કે પરમાત્માને જાણે છે તે તમામ શોક દુઃખને તરી જાય છે''(છાં.ઉ.૭/૧/૩) વગેરે. **અને** સ્મૃતિઓ કહે છે કે ''ભિક્ષુઓનો ધર્મ શમ, અહિંસા, તપ, વનમાં રહેવું, ભૂતપ્રાણી માત્રની રક્ષા કરવી, બ્રાહ્મણો અને આચાર્યનું સેવન કરવું, શમ, દમ, તપ બે પ્રકારનું શૌચ, ક્ષમા, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકત્વ આ બધા જ બ્રાહ્મણનાં સ્વાભાવિક પ્રાપ્ત કર્મ કહેલાં છે. શૌર્ય , તેજ, ધૈર્ય, દક્ષતા, યુદ્ધમાં પણ પલાયન ન કરી જવું, દાન અને નેતૃત્ત્વ આ બધા ક્ષત્રિયોનાં સ્વભાવથી જ પ્રાપ્ત થયેલાં કર્મ છે. ખેતી કરવી, ગાયો વિગેરે

પશુઓનું રક્ષણ કરવું અને વાણિજય વેપાર કરવો, આ વૈશ્યોનાં સ્વભાવ પ્રાપ્ત કર્મો છે અને ત્રણ વર્ણની પરિચર્યા કરવી એ શુદ્રોનું પણ સ્વભાવથી પ્રાપ્ત કર્મ છે. સર્વે મનુષ્યો પોતપોતાનાં કર્મમાં જ અભિરત રચ્યા પચ્યા રહીને સંસિદ્ધિને પામે છે''(ગીતા–૧૮/૪૨ થી ૪૫) ''સત્વગુણમાં રહેનારા પુરૂષો સ્વર્ગાદિક ઉંચા લોકોમાં જાય છે, રજોગુણમાં રહેનારા રાજસ પુરૂષો મધ્યમાં માનવ લોકમાં રહે છે અને તમોગુણનાં કાર્યરૂપ નિદ્રા, પ્રમાદ અને આળસ્યાદિક હલકા દોષોમાં રહેનારા તામસ પુરૂષો પશુ આદિક નીચ યોનિમાં જાય છે''(ગીતા–૧૪/૧૮) ''કયારેક પુરૂષ, કયારેક સ્ત્રી, કયારે બેમાંથી એક નહિ મંદબુદ્ધિવાળો તે દેવ, મનુષ્ય અથવા પશુ, પક્ષી જેવાં કર્મ અને ગુણ હોય તે પ્રમાણે જન્મ પામે છે અને કર્મફળની સંધિમાં મહામોટું વૈષમ્ય દેખાય છે અને બીજા છે તે શિબિકાનું વહન કરે છે, બીજા શિબિકામાં બેસીને જાય છે,'' ''અંતકાળે જે જે ભાવનું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરે છે તો તે મનુષ્ય હે કૌંતેય ! સદાય તે ભાવથી વાસનાથી વાસિત થયેલો હોવાથી તે તે ભાવને જ પામે છે.''(ગીતા–૮/૬) ''હે પાર્થ ! આ મેં કહી એ બ્રાહ્મી સ્થિતિ જાણ આ સ્થિતિને પામ્યા પછી કોઈ મોહમાં ફસાતો નથી. વળી આ સ્થિતિમાં અંતકાળે પણ રહેવાય તોય બ્રહ્મ નિર્વાણ જન્મ મૃત્યુથી રહિત સ્થિતિરૂપ કૈવલ્ય મુકિત મળે છે'' (એવો આ બ્રાહ્મી સ્થિતિનો મહિમા છે.–ગીતા–૨/૭૨) ''અને પરંબ્રહ્મના વાચક

ઓંકારરૂપ એકાક્ષરને જપતો અને મને અખંડ સંભારતો થકો દેહનો ત્યાગ કરીને જે જાય છે તે પુરૂષ પરમ ગતિ પામે છે.''(ગીતા–૮/૧૩) ઈત્યાદિ.

એટલા માટે જીવ ઈશ્વરાદ્યાત્મક ભેદ કાલ્પનિક નથી પણ વાસ્તવિક છે. શ્રુતિ વગેરેએ પ્રતિપાદન કરાયેલ વાસ્તવિક જીવ, ઈશ્વર ભેદ કાલ્પનિક નથી પણ વાસ્તવિક છે. શ્રુતિ વગેરેએ પ્રતિપાદન કરાયેલ વાસ્તવિક જીવ, ઈશ્વર ભેદ હોવા છતાંપણ તે સર્વને અનાદર કરીને બલાત્ ઐક્યનું જલ્પન (બડબડાટ) કરવો તે તમારૂં અતિશય દુષ્ટપણું છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. અને **'सर्वं खल्विदं ब्रह्मेति'(છા.ઉ.૩/૪૧/૧)** આ શ્રુતિમાં તો બ્રહ્મનું જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કર્મપણે તદાત્મકત્વ અનુસંધાન માટે સમાનાધિકરણમાં છે, પરંતુ 'સર્વબ્રહ્મ' આ પ્રમાણે ઉપદેશ માટે નથી કે જેથી બધાનો અભાવ થઈ જાય કારણ કે શ્રુતિ ભગવતી કહે છે **"नित्योनित्यानां चेतनश्चेतनानामेकोबहूनां यो विदधातिकामान्** -જે નિત્યને નિત્ય છે અને ચેતનોમાં ચેતન છે જે એક હોઈ બહુની કામના પૂરી પાડે છે." (કઠો.ઉ.-૨/૨/૧૩) ઈત્યાદિ શ્રુતિ છે તથા **''હું કયારેય હતો નહિ એમ નહિં તું પણ કયારેય ન હતો એમ નહિં તેમજ આ બધા રાજાઓ પણ ન હતા એમ નહિ. અર્થાત્ હું તું અને આ સઘળા પણ પૂર્વે હતા જ. વળી આપણે બધાય હવે પછીના સમયમાં પણ નહિ હોઈએ એમ તો નહિં જ અર્થાત્ હોઈ શું જ.''(ગીતા–૨/૧૨)** ઈત્યાદિ સ્મૃતિઓ વડે કરીને જીવોનું અનેકપણું અને નિત્યત્વ સિદ્ધ થાય છે **'विद्याविनय' (ગીતા–**

૫/૧૮)સ્મૃતિઓ તો બધા જ જીવોનું એક જ્ઞાનાકારે કરીને સમાનરૂપપણું હોવાથી સમદર્શીપણું દર્શાવે છે, પણ એકત્વપણું નહિ. **''જે નિત્યનો નિત્ય છે અને ચેતનનો ચેતન છે''(કઠ.ઉ.૨/૨/૧૩) ''જયારે એ પરમાત્મ સ્વરૂપના જ્ઞાને કરીને જેમનું તે અનાદિ અજ્ઞાન નાશ કરી નાખ્યું છે.''(ગીતા-૫/૧૬) ''ઘણા બધા જ્ઞાન અને તપથી પવિત્ર થઈને મારા ભાવને મને પામી ગયા છે''(ગીતા-૪/૧૦)** વગેરે શ્રુતિ સ્મૃતિમાં આત્માનું બહુત્વ પ્રતિપાદન કરેલું હોવાથી, એકત્વ માનવા જતાં વિરોધનો પ્રસંગ આવે.

'' ननु-સંપૂર્ણ ભૂતોનો એક જ અન્તર્યામિ આત્મા પ્રત્યેક પ્રાણીની અંદર રહેલા છે. પૃથક્ પૃથક્ જળમાં પ્રતિબિંબિત થવાવાળા ચંદ્રની જેમ તે પણ એક અને અનેકરૂપમાં દ્રષ્ટિગોચર થાય છે''(બ્રહ્મબિન્દુ ઉપ.૧૧) આ શ્રુતિથી એક પરમાત્મા ઉપાધિ ભેદથી અનેક જ જીવ, ઈશ્વર રૂપે દેખાય છે તે ઉપાધિ માયા છે. તે માયા બે પ્રકારની છે, ત્યાં માયા પ્રતિબિંબિત ચૈતન્ય ઈશ્વર અને અવિદ્યા પ્રતિબિંબિત જીવ અને અવિદ્યાનું અનેકપણું હોવાથી જીવાત્માનું પણ અનેકપણું છે પણ તે ખરેખર ભેદ નથી. ઉપાધિનો નાશ થવાથી બ્રહ્મ એક જ અહિં રહે છે. જો એમ કહેતા હો તો વિચારીને બોલવું જોઈએ સજાત્યાદિ ભેદ શૂન્ય નિર્વિશેષ ચિદ્ઘનનું, અતિશુદ્ધનું, અખંડનું, અનંતનું, પૂર્ણબ્રહ્માંડનું બિંબ પ્રતિબિંબપણું કેવી રીતે કહી શકીએ. એક દેશ અને પરિચ્છીન્નું જ બિંબ પ્રતિબિંબ સંભવે છે. દેખાય છે કે દસહજાર યોજન સૂર્યમંડળ અને બાર હજાર

યોજન પરિણામવાળું ચંદ્રમંડળ, અને બિંબનું જ પ્રતિબિંબ સંભવે છે અનિર્દેષ્ય, અનંત, અલિંગ એવા બ્રહ્મના પ્રતિબિંબનો સંભવ જ નથી. ત્યારે સૂર્ય, ચંદ્રના દ્રષ્ટાંતથી પ્રતિબિંબપણું તો કેવી રીતે સંભવે ? એતો કોઈ રીતે સંભવે જ નહિ.

'एक एवेति' (બ્રહ્મબિ.૧૧)શ્રુતિ તો સકળ જીવોના જ્ઞાનના પ્રકાશનું નિયમન કરવા માટે તેના હૃદયમાં અંતર્યામિપણે અનેક રૂપે રહેલા છે અને પોતે એક ચિદ્ અચિદ્ શરીર વિશિષ્ટાદ્વૈતાખ્ય શ્રી વાસુદેવનું જ ચંદ્ર દ્રષ્ટાંત વડે પ્રતિપાદન કરે છે એમ જાણો. ત્યાં શ્રુતિઓ છે કે **''જે આત્માની અંદર રહે છે છતાં આત્મા જેને જાણતો નથી જે આત્માની અંદર-જુદો રહી આત્માનું નિયમન કરેછે, એ આત્મા બ્રહ્મ તારો અમૃત અંતર્યામિ છે.''(શતપથ.૧૪/૫/૩૦) જે ''પૃથ્વીમાં રહે છે જે જળની અંદર રહે છે''(બૃહ.૩/૭/૩) ''જે સૂર્યમાં રહે છે'' (બૃહ.૩/૭/૯) ''જે અક્ષરની અંદર રહે છે'' ''અંતરમાં પ્રવિષ્ટ એવો જનોનો શાસ્તા છે. (નિયામક છે)''(તૈ.આ.૩/૧૧) ઈત્યાદિ અને સ્મૃતિઓ પણ કહે છે કે ''હું જ સર્વપ્રાણીઓના હૃદયમાં અંતર્યામિપણે રહીને નિયમન કરનારા રૂપે રહેલો છું સર્વપ્રાણીમાત્રને સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ એ બધું કર્મફળપ્રદાતા એવા મારા થકી જ પ્રર્વતે છે. સર્વ વેદાદિક સચ્છાસ્ત્રોથી જાણવા સમઝવા યોગ્ય હું જ છું અને સર્વવેદાન્તનો કરનારો અને વેદના રહસ્યને જાણનારો પણ હું જ છું.''(ગીતા-૧૫/૧૫) ''હે અર્જુન ! ઈશ્વર સર્વભૂતપ્રાણી માત્રના હૃદયપ્રદેશમાં રહેલા છે.''(ગીતા-૧૮/૬૧)**ઈત્યાદિ. આ ઉપરાંત જીવના

બ્રહ્મપ્રતિબિંબત્વપણાથી બીજો પણ દોષ આવે છે. જેમની બાધિતાનુવૃત્તિ દૂર થઈ ગઈ છે, એવો બ્રહ્મરૂપ ગુરૂ જીવભાવને પામેલા પોતાના શિષ્યને ઉપદેશ આપતા થકા આ મારૂં પ્રતિબિંબ છે. એમ શું નથી જાણતા ? અને જો જાણે છે તો પ્રતિબિંબની એકતા જાણનારો સુજ્ઞ ગુરૂજીનો ઉપદેશ પોતાનાં પ્રતિબિંબને સંભવે? કોઈપણ વિવેકી પુરૂષ દર્પણ વિગેરેમાં દેખાતાં પોતાનાં પ્રતિબિંબને કોઈપણ ક્રિયાની સિદ્ધિને માટે ઉપદેશ નથી કરતો અને જો બાળકપણાથી કોઈપણ પ્રકારનો ઉપદેશ કરે, તો લોકો તેમને મૂર્ખ જ માને. પણ તેને સુજ્ઞ (ડાહ્યા પુરૂષ) નહિ. એટલા માટે પ્રતિબિંબ વાદથી જીવ બ્રહ્મનું ઐક્યપણું રહેવા દો.

નનુ-બિંબ પ્રતિબિંબ પ્રમાણે તો જીવ અને બ્રહ્મનું અભેદપણું સિદ્ધ થતું નથી પણ હવે હું અંશાંશી ભાવથી એકપણું સિદ્ધ કરૂં છું. જેવી રીતે મૃતિકા (માટી)નો અંશ ઘડો, તેવી રીતે સુવર્ણનો અંશ કુંડળ, વિગેરે. તેમ બ્રહ્મનો અંશ જીવ. જેમ ત્યાં શ્રુતિ છે કે **''જેવી રીતે અગ્નિમાંથી વિસ્ફૂલિંગા(તણખા) છૂટા પડે છે, તેવી જ રીતે (આત્મા) બ્રહ્મમાંથી સર્વેપ્રાણી, સર્વલોક, સર્વદેવો અને સર્વભૂતો બધા જ પરમાત્મામાંથી જુદા પડે છે.''(બૃહ.ઉ.૨/૧/૧૦)** શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે **''જે એકજ છે એવા આ મારા અભિન્ન અંશરૂપ જીવને અવિદ્યાથી અનાદિ બંધન થાય છે અને જ્ઞાનથી મોક્ષ થાય છે''(ભાગ-૧૧/૧૧/૪)** વગેરે અને ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે **'' આ દેહમાં આ જીવાત્મા મારો જ સનાતન અંશ છે અને તે જ પ્રકૃતિમાં સ્થિત**

થઈ મન અને પાંચેય ઈન્દ્રિઓને આકર્ષણ કરે છે.''(ગીતા–૧૫/૭) તો અંશાંશીભાવથી જીવ અને બ્રહ્મનો અભેદ જ એમ કહેવું તે શકય છે. જો એમ કહેતા હોવ તો એ પણ શકય નથી. અચ્યુત, અક્ષર વગેરે શબ્દથી કહેવાયેલ શુદ્ધ બ્રહ્મનું નિરંશપણું હોવાથી તેનો અંશ (ભાગ) જીવ ન થાય **'यथाग्नेरिति'** (બૃહ–૨/૧/૧૦) શ્રુતિમાં પંચમી વિભક્તિ જેના અંતમાં છે એવો આત્મ શબ્દ તો માયાધિષ્ઠિત પુરૂષ વાચક છે, તે દ્વારા જ બધા સ્વસ્વરૂપમાં સ્થિત રહેલા જીવોનો કારણ દેહ સાથે આવિર્ભાવ છે. તે વેદ સ્તુતિમાં કહ્યું છે કે **''હે સ્વામી ! પ્રકૃતિ અને પુરૂષ બન્ને અજન્મા અને અનાદિ છે, પરંતુ તેમનાથી આ વિશ્વની ઉત્પત્તિ થઈ હોય એ શકય નથી (આપતો પોતાના સંકલ્પમાત્રથી અનંતકોટિ બ્રહ્માંડનું નિર્માણ કરો છો) જેમ જળ અને વાયુના સંયોગથી પાણીમાં પરપોટો ઉત્પન્ન થાય છે તેમ.(ભાગ–૧૦/૮૭/૩૧) જે ભગવાને 'મારો અંશ જીવ છે' એમ કહ્યું છે તે તો બધા જીવો માટે નથી. પરંતુ ''આ મારી અપરા બીજા વર્ગની પ્રકૃતિ છે અને આનાથી ચઢિયાતિ શ્રેષ્ઠ જીવરૂપ મારી બીજી પ્રકૃતિ છે તેને તું જાણ કે જેનાથી આ જગત ધારણ કરાય છે.''(ગીતા–૭/૫) ''જીવો અને અજીવોને જીવાડતા'' ''આ સઘળા જગત્ને હું મારા ઐશ્વર્યના એક અંશથી ઐશ્વર્ય લેશથી ધારી રહયો છું''(ગીતા–૧૦/૪૨)** ઈત્યાદિ કહેલાં લક્ષણોથી યુકત પુરૂષ નામથી કરેલા જીવ પર છે અને આજ જીવ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે સ્વતંત્રતાથી ગ્રહણ કરાયેલા માયાગુણને લીધે અને માયામાં રહેલા હોવાથી

કયારેક બદ્ધની જેમ કહેવાય છે **''અને માયિક ગુણો છે ને બદ્ધ મુક્ત પુરૂષોને પણ બંધન કરે છે.''** આ વાકયથી અને પ્રલય કાળને વિષે ભોગોને ભોગવીને (અંગીકાર કરીને) અને માયાને સ્વતંત્રપણે ત્યાગીને અને પોતાના ધામમાં બિરાજે છે **''બીજા જે અજન્મા પરમાત્મા છે તે ભોગોને ભોગવીને આ માયાનો ત્યાગ કરે છે.''(શ્વેતા.ઉ.૪/૫)** આ પ્રમાણે શ્રુતિ છે. આ પ્રમાણે બ્રહ્મનો અંશ જીવ કહ્યો છે તે મુક્તને કહ્યો છે. અને બીજા જે જીવો છે તે પ્રલયકાળને વિશે માયા નામના ક્ષેત્રને વિશે લીન થાય છે અને ફરીને ઉત્પત્તિ કાળે ભગવાનની ઈચ્છાથી પુરૂષના જોવાના યોગથી જેમ વર્ષાકાળે જળના યોગથી સ્થાવર, જંગમ જીવોના સમૂહો પૃથ્વીમાંથી આવિર્ભાવ પામે છે તેમ. તે ભગવાને કહ્યું છે કે **''હે ભારત! જગતના કારણભૂત મારી મહત્–બ્રહ્મરૂપ માયા તેમાં હું ચૈતન સમુદાયરૂપ ગર્ભ ધારણ કરુ છું, સ્થાપન કરું છું અને તેમાંથી સર્વ ભૂતપ્રાણી માત્રની ઉત્પત્તિ થાય છે.'' (ગીતા–૧૪/૩)** ફરીને

પ્રલયકાળને વિશે ભગવાનની ઈચ્છાથી જ પુરૂષની પ્રતિલોમ દ્રષ્ટિ વડે કરીને ગ્રીષ્મકાળે પૃથ્વીમાં જેવી રીતે ઔષધિઓ લીન થાય છે તેમ જીવો માયામાં લીન થાય છે. અને આ સર્વે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અછેદ્ય, અદાહ્ય, નિત્ય, વિવેકી, પ્રકાશત્વ વગેરે નિત્ય સિદ્ધ ગુણો વડે કરીને સાધર્મ્યપણાથી પુરૂષ નામથી કહેવાતા જીવો ભ્રાંતિ વડે કરીને બ્રહ્મના સાધર્મ્યપણાને લીધે તે પણ જીવો બ્રહ્મનામથી વ્યપદેશ કરાય છે એમ કહ્યુ છે. વિવેકી મુમુક્ષુતો ભગવન્નિષ્ઠ

ગુરૂના ઉપદેશ વડે ભગવાનની ઉપાસના કરવાથી પોતામાં આવિર્ભુત થયેલા બ્રહ્મના સાર્ધમ્યથી તે પણ બ્રહ્મનામથી કહેવાય છે. કહ્યું પણ છે''**બ્રહ્મને જાણનારો બ્રહ્મ જ થાય છે.''(મુ.ઉ.૩/૨/૯) ''આ રીતને આસરીને મારા સાધર્મ્યરૂપ પરમ મુક્તિને પામેલા મુક્તાત્માઓ''(ગીતા-૧૪/૨)** વગેરે શ્રુતિ સ્મૃતિનાં પ્રમાણો વડે કરીને કહેવાયેલ છે. તેઓને પણ બ્રહ્મના સાક્ષાત્કાર માત્રથી જ કૃતાર્થપણું નથી પણ તેવા બ્રહ્મરૂપથી પરંબ્રહ્મ એવા શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ વડે જ કૃતાર્થપણું છે એમ તત્વ છે, રહસ્ય છે. તેમાં શ્રુતિ છે કે **"ब्रह्माविदाप्नोति परमिति- જે બ્રહ્મને જાણે છે તે પરમ પદને પામે છે.'' (તૈ.ઉ.-૨/૧/૧) ભગવદ્ગીતામાં પણ કહ્યું છે-**

''આવો બ્રહ્મભૂત થયેલો પ્રસન્ન ચિત્તવાળો પુરૂષ પ્રિય વસ્તુના નાશથી નથી શોક કરતો કે નથી પ્રિયવસ્તુની આકાંક્ષા કરતો સર્વભૂતપ્રાણી માત્રમાં સમભાવ પામેલો પુરૂષ મારી પરાપ્રેમલક્ષણા ભક્તિને પામે છે.''(ગીતા-૧૮/૫૪) ''તે ચારમાંથી જ્ઞાની ભકત નિરંતર મારામાંજ જોડાઈ રહેનારો અને એક મારામાંજ અનન્ય ભક્તિમાન હોવાથી સર્વથી શ્રેષ્ઠ છે અને એવા જ્ઞાની ભકતને હું અત્યંત વ્હાલો છું અને તે મને અત્યંત વ્હાલો છે.''(ગીતા-૭/૧૭)ઈત્યાદિ તથા ભાગવતમાં કહ્યું છે કે ''જે લોકો નિરંતર આત્મામાં જ રમણ રહે છે અને સદા ભગવાનનું જ મનન ચિંતન કરે છે તેવા જ્ઞાનીઓ પણ ભગવાનની નિર્હેતુક ભક્તિ કરતા રહે છે કારણ કે ભગવાનના ગુણ જ એવા મધુર છે કે જે સૌને પોતાની

તરફ ખેંચે છે''(ભાગ–૧/૭/૧૦) ''હે રાજર્ષિ ! મારાં નિર્ગુણ સ્વરૂપ પરમાત્મામાં પૂર્ણ નિષ્ઠા છે તો પણ ભગવાન શ્રી કૃષ્ણની મધુર લીલાઓએ મારા મનને બળપૂર્વક પોતાની તરફ આકર્ષી લીધું છે. એજ કારણ છે કે મેં આ શ્રીમદ્‌ભાગવત પુરાણનું અધ્યયન કર્યું.'(ભાગ–૨/૧/૯) ''જ્ઞાનવિજ્ઞાનથી સિદ્ધ થયા હોય તેઓ મારા શ્રેષ્ઠ પદને જાણે છે. તે જ્ઞાની પુરૂષ જ્ઞાન વડે મને ધારણ કરે છે, આથી જ્ઞાની મને અત્યંત પ્રિય છે.''(ભાગ.૧૧/૧૯/૩) ''જ્ઞાન વિજ્ઞાનથી યુક્ત થઈ તમે મને ભક્તિભાવથી ભજો ''(ભાગ–૧૧/૧૯/૫) ''અજ્ઞાનરૂપી ઉપાધિને નિવૃત્ત કરનારો નિરંજન અને નૈષ્કર્મ્યવાળું બ્રહ્મજ્ઞાન પણ જો અચ્યુત ભગવાનની ભક્તિથી રહિત હોય તો તે પૂર્ણતયા શોભતું નથી.''(ભાગ–૧/૫/૧૨) ''હે કમલનયન ! જે જીવ આપનું શરણ લેતા નથી તથા જેના જીવનમાં ભક્તિ નથી છતાં તે પોતાને મુક્ત માને છે. પરંતુ વાસ્તવમાં તે બંધાયેલો છે, કારણકે જીવનમાં ભક્તિ ન હોય તો બધું પામ્યા છતા બધું ખોવવું પડે છે.''

નનુ – જો સાકાર સગુણ બ્રહ્મ હોય તો જ તેની ભકિત કરવાની શકય બને છે. પરંતુ તેમ નથી, કેમ કે સાવયવ જે હોય તેના વિનાશીનો પ્રસંગ હોવાથી ''કલા રહિત, ક્રિયા રહિત, સર્વથા શાંત, નિર્દોષ અને નિર્મળ'' (શ્વેતા–૬/૧૯) આથી નિરાકાર બ્રહ્મ કહ્યું. ''તે બ્રહ્મ મોટું નથી અને પાતળું નથી, તથા નાનું નથી અને લાંબુ પણ નથી તથા લાલનથી

અને સાંસારિક જીવની સમાન સ્નેહવાળું નથી તથા છાયાથી ભિન્ન છે''(બૃ.ઉ.૩/૮/૮) ''તે બ્રહ્મ દેવ નથી, અસુર નથી, પશુ નથી, પક્ષી નથી, સ્ત્રી નથી, વ્યંઢળ નથી, પુરૂષ તથા જંતુ પણ નથી આ બ્રહ્મ ગુણકર્મવાળું નથી, ગુણકર્મ વગરનું પણ નથી, પરંતુ બધા પ્રકારનો નિષેધ કરતાં બાકી જે રહે તેવું બ્રહ્મ છે. સુષુપ્તની જેમ શુન્ય, શુન્યની જે અપ્રતર્ક્ય મૂળભૂત પદને જ માનવામાં આવે છે.'' વગેરે શ્રુતિ સ્મૃતિ વડે કરીને નિરાકાર બ્રહ્મ છે. એમ જો જાણતા હોતો તમે ભ્રાન્ત છો કે શું ? બ્રહ્મ છે તે આકાશની જેમ શૂન્ય નથી. જો તેવુ બ્રહ્મ હોય તો જગતની ઉત્પત્તિ વગેરેનો અભાવ થાય. શૂન્યમાંથી કાંઈપણ ઉત્પન્ન થતું નથી. એટલા માટે સાકાર જ બ્રહ્મ છે એમ જાણો. **''તેણે જોયું (વિચાર કર્યો) (ઈક્ષણ કર્યું) તેણે તેજનું સર્જન કર્યું.'' (બૃ.ઉ.૧/૨/૫) ''એક એવો હું બહુ રૂપે થાંઉ.''(છા.ઉ.૬/૨/૩) ''વિશ્વના કર્તા છે તે સકલ ભુવનના રક્ષણ કર્તા છે, તે વિશ્વના જાણનારા છે, તે પોતે જ તેનું કારણ છે'' ''તે સર્વ જાણનારા છે અને કાળના પણ કાળ છે, તે માયાગુણે રહિત છે, તે સર્વને જાણનારા છે, તે પ્રધાન(માયા) ક્ષેત્રજ્ઞ (પુરૂષ) ના પતિ છે, સકળ દિવ્યગુણોને ધારણ કરનારા છે તે સંસાર, મોક્ષ, બંધનના કારણ છે.''(શ્વેતા-૩/૧૬) ''તે એક જ દેવ બધા ભૂતપ્રાણી માત્રમાં ગુઢ (અંતર્યામિપણે રહેલા છે) તે સર્વ વ્યાપી છે, સર્વ ભૂતપ્રાણી માત્રના અંતરાત્મા છે.'' ''તે કર્માધ્યક્ષ છે, તે સર્વ ભૂતપ્રાણી માત્રના નિવાસ સ્થાન**

રૂપ છે, સાક્ષી છે, ચૈતન્ય છે, કેવળ અને કેવળ નિર્ગુણ છે''(શ્વેતા–૬/૧૧) ''જેમાંથી આ ભૂતો જન્મે છે.''(તૈ.ઉ.–૩/૧) ''હજાર શિરવાળા પુરૂષ''(શ્વે.ઉ.૩/૧૪) ''સર્વતરફ હાથપગવાળા''(શ્વે.ઉ.૩/૧૬) ''તે અંગુષ્ઠ માત્ર પુરૂષરૂપે હંમેશા જનોના હૃદયમાં રહેલા.''(શ્વે.ઉ.૩/૧૩) ''જયારે જોનારો સુવર્ણ જેવા ઉજજવલ વર્ણવાળા પુરૂષ બ્રહ્મને કર્તા અને નિયંતા અને કારણપણે જુએ છે, ત્યારે તે વિદ્વાન્ પાપ અને પૂણ્યને છોડીને નિરંજન એવા પરમ પુરૂષના સામ્ય પણાને પામે છે.''(મુ.ઉ.–૩/૩) ''અન્ધકારથી પર આદિત્ય જેવા વર્ણવાળા એ મહાન પુરૂષને હું જાણું છું''(શ્વે.ઉ.૩/૭) ''જે આદિત્યની અંદર સુવર્ણ સમાન પુરૂષ દેખાય છે, સુવર્ણ મુછવાળા સુવર્ણ સમાન કેશવાળા, નખશિખ પર્યંત સર્વ સુવર્ણ જ.''(છા.ઉ.૧/૬/૬) ઈત્યાદિ શ્રુતિ વડે પ્રતિપાદન કરાયેલા **''જેમાંથી યુગના પ્રારંભમાં સર્વભૂત પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કારણભૂત જેનું કોઈ કારણ નથી, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં અને બહાર રહેલા કેટલાક પોતાના દેહમાં રહેલા હૃદયાકાશમાં રહેલા શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા પુરૂષનું સ્મરણ કરે છે.''** ઈત્યાદિ તથા **''જગજન્માદિ જે વડે કરીને છે''(બ્ર.સુ.૧/૧/૨)** તે ન્યાયથી આકાશની સમાન નિરાકાર બ્રહ્મ નથી, અને આકાર રહિતનું જોવાપણું વગેરે સંભવતું નથી, પરંતુ સૃષ્ટિની આદિમાં તત્વોએ કરેલી સ્તુતિમાં પણ **''હે દેવ, શરણાગતના સંતાપને શાંત કરનાર છત્રરૂપ આપનાં ચરણકમળને અમે નમન કરીએ**

છીએ.''(ભાગ–૩/૩/૩૮) વગેરે વડે કહેવાયેલ છે. નિરાકારને ગુણ વગેરેનો અસંભવ હોવાથી, સાકાર સ્વયં જયોતિ પુરૂષના જેવી આકૃતિવાળા જ બ્રહ્મ છે. અહીં **'આ પુરૂષ સ્વયં જયોતિ'(બૃ.ઉ.૪/૩/૧૪)** એવી શ્રુતિ છે. હરિવંશ અને વાસુદેવમહાત્મ્યમાં કહેલ છે કે **''જેનું તેજ આકાશમાં પ્રજ્જ્વલિત છે સર્વ લોકને સમાવીને રહેલા તે પુરૂષ વિગ્રહને જુઓ'' ''અને ત્યાંજ અર્જુન પ્રત્યે ભગવાને કહ્યું છે કે બ્રહ્મને તેજોમય દિવ્ય એવું જે મહાન તું જોઈ રહ્યો છે તે હે અર્જુન ! તે અવિદ્યા– માયા રહિત મારૂં તે સનાતન તેજ છે તેનાથી પર પરંબ્રહ્મ છે. તે સર્વને સમગ્ર પણે ધારી રહ્યા છે. મારૂંજ તે અનંત તેજ છે, તેને હે ભારત ! તું જાણવાને યોગ્ય છે.''** એટલા માટે બ્રહ્મ મૂર્તિમાન જ છે. જે તેનું નિરાકારપણું નિર્ગુણપણું વગેરે શ્રુતિ સ્મૃતિ પ્રસિદ્ધિ છે તે પ્રાકૃત ગુણ, આકાર, ક્રિયા રહિત હોવાથી કહેલ છે. ભગવાનની મૂર્તિ તેમના ધામમાં રહેલા, તેમના પાર્ષદો ગુણાતિત દિવ્યો હોવાથી... **''તે ભગવાન વિષ્ણુ સગુણ નિર્ગુણ એક જ્ઞાન વડે જાણવા યોગ્ય છે એ પ્રમાણે સ્મરણ કરાયેલ છે. તેમનામાં રહેલા સર્વે ગુણો સમસ્ત મુનિઓ ભેગા મળીને પણ કહી શકવાને સમર્થ નથી. તે સત્વાદિ સમસ્ત ગુણોથી યુક્ત''** એમ વિષ્ણુપુરાણમાં કહ્યું છે. આવી રીતે ભગવનિષ્ઠ ગુણોને વિષ્ણુપુરાણમાં કહ્યાં છે. ભાગવતમાં **''જેમનામાં સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, ત્યાગ, સન્તોષ, સરળતા, મનની શાન્તિ, ઈન્દ્રિયજય, તપ, સમભાવ, સહનશિલતા, લાભપ્રાપ્તિમાં તટસ્થતા, શાસ્ત્રવિચાર, આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, પ્રભાવ, બળ, સ્મૃતિ,**

અપરાધિનતા, કૌશલ્ય, કાન્તિ, ધૈર્ય, મૃદુતા, પ્રતિભા, વિનય, સુસ્વભાવ, માનસિક શક્તિ, જ્ઞાનેન્દ્રિયોની શક્તિ, કર્મેન્દ્રિયોની શક્તિ, સુખસમૃદ્ધિ, ગંભીરતા, સ્થિરતા, શ્રદ્ધા, કીર્તિ, માન, અમાનિત્વ આ સર્વ ગુણો તથા અન્ય પણ મહત્વકાંક્ષી જનો દ્વારા વાંછનીય મહાન ગુણો જે ભગવાનમાં નિત્ય રહે છે, કદી નાશ પામતા નથી.''(ભાગ–૧/૧૬/૨૭ થી ૩૦) સકલ કલ્યાણ ગુણગણાધિ અપ્રાકૃત દિવ્યમૂર્તિ બ્રહ્મ **'अपाणिपादजवनु गृहिता–હાથ પગ રહિત હોવા છતાં બહુ જ વેગવાન છે'** આ શ્રુતિ પણ વેગવાન પણું સ્ફુર્તિવાળાપણું વગેરે ક્રિયા વાચક શબ્દ વડે માયિક પાદ વગેરે ઈન્દ્રિયોના નિષેધ પૂર્વક બ્રહ્મની દિવ્યમૂર્તિનું જ સ્થાપન કરે છે. તેમના ભક્તો પણ તેવા જ છે **'दहेन्द्रियासुहीनानां वैकुंठपुरवासिनाम् દેહઈન્દ્રિયરહિત વૈકુંઠ પુરવાસીઓના'(ભાગ–૭/૧/૩૪)** વગેરે વાકયો વડે કરીને. નહિ તો દેહ વગરનાને કેવી રીતે ભગવાનના ધામમાં નિવાસ સંભવે ? ગુણોનું નિત્યત્ત્વ કહેવાથી ભગવાનના અવતારમાં પણ તે ગુણત્વપણું છે અને તેમના ભકતોમાં પણ નિર્ગુણત્વ જણાય છે. આ પ્રમાણે શ્રુતિ સ્મૃતિ સિદ્ધ નિર્ગુણત્વ, અપ્રાકૃતત્વ પણ ભગવાનના સાકારપણાને અને સગુણપણાને કહેતું હોવાથી તેને જે સત્ય માનતા નથી, તે અસુરો જ છે તે ગીતામાં કહ્યું છે **''મારા પરંભાવને નહિ જાણનારા મૂઢ મનુષ્યો, મનુષ્યનું શરિર ધારણ કરનાર મુજ સઘળા ભૂતોના મહાન ઈશ્વરને અવગણે છે એટલે કે પોતાની યોગમાયાથી સંસારના**

ઉદ્ધારને અર્થે મનુષ્યરૂપે વિચરતા મુજ પરમેશ્વરને સામાન્ય મનુષ્ય ગણે છે. એ વ્યર્થ આશા રાખનારા, વ્યર્થ કર્મ કરનારા, તેમજ જ્ઞાનનો દુરૂપયોગ, કરનાર વિક્ષિપ્ત ચિત્તના અજ્ઞાની જનો રાક્ષસી, આસુરી અને મોહિની પ્રકૃતિને ધારણ કરી રાખે છે.''(ગીતા–૯/૧૧/૧૨) જેઓ વેદ, સ્મૃતિ, પુરાણમાં વિશ્વાસવાળા છે અને શુદ્ધ પરંપરાથી પ્રાપ્ત જ્ઞાનવાળા છે, તેઓ તો ભગવાનના આકાર અને નિર્ગુણપણાને સત્ય માને છે. અને કહ્યું છે કે **''હે અર્જુન–પાર્થ ! દૈવી પ્રકૃતિને આશરેલા મહાત્માઓ મારાં જ્ઞાની ભકતો તો મને સર્વ ભૂતનો આદિ કારણ અને અવિનાશી સ્વરૂપ જાણી સમજીને અનન્ય મનવાળા થઈને મને જ નિરંતર ભજે છે. એ દ્રઢ નિશ્ચય ભક્તો નિરંતર મારાં નામ અને ગુણ કિર્તન કરતા, મારી પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતા અને વારંવાર પ્રણામ કરતા સદા મારા ધ્યાનમાં જોડાઈને અનન્ય પ્રેમથી મને ઉપાસે છે.''(ગીતા–૯/૧૩/૧૪)** એટલા માટે ભગવાનની મૂર્તિ અને તે સંબંધી જે જ્ઞાન વગેરે છે તે નિર્ગુણ અને સત્ય છે તે નિશ્ચય જ છે અને ભગવાને કહ્યું છે કે **''કૈવલ્ય જ્ઞાન છે તે સાત્ત્વિક છે અને જે વિકલ્પવાળું એટલે શંકાવાળું જ્ઞાન છે તે રાજસજ્ઞાન છે અને જે પ્રાકૃતજ્ઞાન છે તે તામસ જ્ઞાન છે અને જે મન્નિષ્ઠ એટલે કે મારૂં જ્ઞાન છે તે નિર્ગુણ છે. વનમાં વાસ કરવો તે સાત્વિક છે, અને ગામમાં વાસ કરવો તે રાજસ છે અને દ્યુતસદનમાં વાસ કરવો તે તામસ છે અને મારૂં સ્થાન (મંદિર)માં વાસ કરવો તે નિર્ગુણ છે. વનનો આશ્રય છે તે સાત્વિક છે, અસંગી રાગાંધો તે**

રાજસ છે, સ્મૃતિ ભ્રષ્ટ રહેવું તે તમાસ છે. અને જે મારો આશ્રય છે તે નિર્ગુણ છે, આધ્યાત્મિકી શ્રદ્ધા સાત્વિકી છે, કર્મમાં શ્રદ્ધા રાજસી છે અને અધર્મમાં શ્રદ્ધા છે તે તામસી છે અને મારી સેવામાં જે શ્રદ્ધા છે તે નિર્ગુણશ્રદ્ધા છે. જે સુખેથી પચીજાય અને જેનાથી રોગ ન થાય તે સાત્વિક આહાર કહેલ છે, અને જે ઈન્દ્રિયોને ગમે તેવો આહાર રાજસ છે, દુઃખદાયી અને અપવિત્ર આહાર તમાસ છે. આત્માની ઉન્નતિ કરે તે સાત્વિક આશ્રય છે અને વિષયને આપનાર રાજસ છે અને દીનતા અને મોહ ઉત્પન્ન કરનાર તામસ છે અને મારો જે આશ્રય છે તે નિર્ગુણ છે.''(ભાગ–૧૧/૨૫ થી ૨૯) ઈત્યાદિ. આવી રીતે બ્રહ્મ, વાસુદેવ, વિષ્ણુ, પરમાત્મા, પરમેશ્વર, નારાયણ, ભગવાન વગેરે નામથી કહેવાય છે તે બધા જ વેદો તેઓનું પ્રતિપાદન કરે છે. કહ્યું છે કે **''વેદો નારાયણ પરાયણ છે''(ભાગ–૨/૫/૧૫) ''વેદો વાસુદેવ પરાયણ છે.''(ભાગ–૧/૨/૨૮) ''સર્વ વેદાદિક સચ્છાસ્ત્રોથી જાણવા સમજવા યોગ્ય હું જ છું.''(ગીતા–૧૫/૧૫)** અને આ પ્રમાણે તેજ પરમાત્મા પોતાની સચ્ચિદાનંદ નામથી કહેવાતી પોતાની શકિત વડે પ્રકૃતિ પુરૂષ અને તેનાં કાર્યભૂત બીજાં અનેક કોટિ બ્રહ્માંડો ને પોતાનાં તેજ વડે સૂર્યની જેમ વ્યાપીને પોતાના અક્ષરધામમાં પૃથક્ જ સ્વરાટ થકા બિરાજમાન છે. વ્યાપક હોવા છતાં પણ નિર્લેપ રહે છે, માટે આકાશનું દ્રષ્ટાંત બધે જ કહેવાય છે. કયારેક અમૂર્તે કરીને તેઓનું નિરૂપણ તથા તેનું દર્શન કહેલું હોય ત્યારે તે પુરૂષોત્તમ ભગવાનના તેજનું જ નિરૂપણ

છે, એમ જાણવું. **જ્યાં બ્રહ્મ અને પરબ્રહ્મ બે પ્રકારનો નિર્દેશ હોય ત્યાં બ્રહ્મશબ્દ વડે કરીને તેજ જાણવું અને પરબ્રહ્મ શબ્દ વડે કરીને તે તેજનું અધિષ્ઠાન વાસુદેવ ભગવાન એવો ભેદ જાણવો અને જ્યાં એક નિર્દેષ હોય ત્યાં તે તેજ અને તેજસ્વી પુરૂષોત્તમ ભગવાનનો અભેદ જાણવો.** સાકાર બ્રહ્મની જ જ્ઞાનીઓએ ઉપાસના કરવી તે જ તત્વ (રહસ્ય) છે. આનો વિશેષ વિસ્તાર તો શ્રી રામાનુજાચાર્યકૃત ગીતા ભાષ્ય અને શ્રી ભાષ્યમાંથી જોઈ લેવો.

નનુ–''ભક્તિ વડે કરીને જ મને જાણી શકાય છે.''(ગીતા–૧૫/૫૫) ઈત્યાદિ. વાકયો વડે કરીને ભક્તિએ જ્ઞાનનું સાધનપણું જણાય છે, તો કેવી રીતે જ્ઞાનના ફળપણે ભક્તિ કહેવાય છે. તો સાંભળો ભક્તિ બે પ્રકારની છે. સાધનરૂપા અને ફળરૂપ. તેમાં પહેલી જ્ઞાનના સાધનપણે શાસ્ત્રોમાં નિરૂપણ કરાયેલ છે અને બીજી તો ફળરૂપા અહિંયાં કહેલી છે **''ભક્તિ વડે જ ભક્તિ ઉત્પન્ન થાય છે''** વગેરે વાકયોમાં તેવું જ નિરૂપણ છે.

ભલે ! ભક્તિથી પણ જ્ઞાનનું ફળપણું કહેવાય, પરંતુ જ્ઞાનનું તો જન્માન્તરીય સત્કર્માભ્યાસ સંસ્કારથી ઉન્પન્ન થવાપણું કહ્યું છે. આપને ચોરાશી લાખ યોનિમાં પ્રાપ્ત થયેલ, પોતાનાં કર્મપ્રમાણે અતિ દુઃખ ક્લેશ પ્રાપ્ત કરી, કયારેક દુર્લભતર નરદેહ પ્રાપ્ત કરીને, પ્રાકૃત જીવોનો હાહાકાર પૂર્વક મહાન કોલાહલ પ્રાપ્ત કરીને, તેનું પ્રાપ્ત થવાપણું છે. બધા જ મનુષ્યો જન્માંતરીય

સંસ્કારવાળા હોતા નથી. પરંતુ **''કોઈક જ વડે આ જન્મમાં બ્રહ્મના સાક્ષાત્ જ્ઞાન વડે મુક્ત થવાશે''** એ પ્રમાણે જો એમ કહેતા હો તો. સકલ જનોના આત્યંતિક કલ્યાણનો હેતુ, એવી ભક્તિ દેવી આ પૃથ્વીને વિષે જય પામે છે. **'મને કેવળ ભક્તિ જ ઈષ્ટ(પ્રિય) છે.'** બધા લોકોનાં આત્યંતિક કલ્યાણને માટે જેમણે દિવ્ય માનુષ વિગ્રહ ધારણ કર્યો છે, એવા ભગવાન શ્રી વાસુદેવ અથવા તેમના એકાંતિક ભક્તોનાં ચરણ કમળનો સંબંધ માત્ર ગમે તે પ્રકારે થાય તેટલી જ અપેક્ષા છે, નહિ કે જ્ઞાનાદિ સાધન સામગ્રી કે ઉત્તમ જાતિ વગેરે. તેમ ભાગવતના એકાદશ સ્કંધમાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે **''હે પ્રિય ઉદ્ધવ ! સત્સંગનો મહિમા ખૂબજ અદ્‌ભૂત છે. આ ખુબજ શ્રેષ્ઠ સાધન છે. મારો ભક્ત જે રીતે સત્સંગ દ્વારા મને પ્રાપ્ત કરી શકે છે એવું બીજું કોઈપણ સાધન નથી. આ જે યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઈષ્ટાપૂર્ત (યજ્ઞ-યાગ કૂવા-વાવ વગેરે કરાવવાનું પૂણ્ય કર્મ), દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદોના રહસ્યમય મંત્રો, તીર્થ, નિયમ, યમ વગેરે જેટલાં પણ સાધનો છે, તેમનાથી એટલી સરળતાથી મારી પ્રાપ્તિ થતી નથી જેટલી સત્સંગથી થાય છે, કેમકે સત્સંગથી બધી પ્રકારની આસક્તિ નષ્ટ થઈ જાય છે. આસક્તિ નષ્ટ થવાથી ભક્તની મારામાં ભક્તિ પ્રબળ થાય છે અને તે મને સહેલાઈથી પ્રાપ્ત કરી લે છે. હે નિષ્પાપ ઉદ્ધવજી ! પ્રત્યેક યુગમાં સત્સંગ દ્વારા જ દૈત્ય, રાક્ષસ, પશુપક્ષી, ગંધર્વ, અપ્સરા, નાગ, સિદ્ધ, ચારણ, ગુહ્યક અને વિદ્યાધરોને મારી પ્રાપ્તિ થઈ છે. મનુષ્યોમાં**

વૈશ્ય, શુદ્ર, સ્ત્રી અને અન્ત્યજ વગેરે રજોગુણી તમોગુણી પ્રકૃતિના અનેક જીવોએ મારૂં પરમ પદ પ્રાપ્ત કર્યું છે. વૃત્રાસુર, પ્રહ્લાદ, વૃષપર્વા, બલિ, બાણાસુર,મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન,જામ્બુવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધારવૈશ્ય, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, યજ્ઞપત્નીઓ અને બીજા લોકો પણ સત્સંગના પ્રભાવથી જ મને પ્રાપ્ત કરી શકયા છે. તે લોકોએ ન તો વેદનો સ્વાધ્યાય કર્યો હતો કે, ન વિધિપૂર્વક મહાપુરૂષોની ઉપાસના કરી હતી.''(ભાગ–૧૧/૧૨/૧ થી ૭) ''એજ રીતે તેમણે કોઈ વ્રત, તપ પણ કર્યું ન હતું. બસ, માત્ર સત્સંગના પ્રભાવથી જ મને પ્રાપ્ત થઈ ગયા, પરમ પદને પામી ગયા છે.''(ભાગ–૧૧/૧૧/૫) તથા સપ્તમ સ્કન્ધમાં ''દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ અથવા ગંધર્વ–કોઈપણ હોય, જે ભગવાનનાં ચરણકમળોનું સેવન કરે છે, તે આપણી જેમ જ કલ્યાણનો અધિકારી થઈ જાય છે. હે દૈત્યપુત્રો! ભગવાનને પ્રસન્ન કરવા માટે બ્રાહ્મણ, દેવતા કે ઋષિ હોવું સદાચાર અને વિવિધ વિદ્યાઓથી સંપન્ન હોવું તથા દાન, તપ, યજ્ઞ, શારીરિક માનસિક શૌચશુદ્ધિ અને મોટાં–મોટાં વ્રતોનું અનુષ્ઠાન જરૂરી નથી. ભગવાન તો કેવળ નિષ્કામ પ્રેમ અને ભકિતથી જ પ્રસન્ન થાય છે. અન્ય સર્વ(સાધનો) તો માત્ર વિડંબનામાત્ર જ છે''(ભાગ–૭/૭/૫૦ થી ૫૨) ઈત્યાદિ. અને ભગવાન વાસુદેવના અનન્ય ભકતોને કયારેય પણ ભય કે લેશ શંકા નથી. ત્યાં કહ્યું છે **"ભગવાનના ભકતોનું કયારેય અશુભ (અહિત) થતું નથી. જન્મ, મરણ, ઘડપણ, રોગ**

નો ભય કયારેય ઉત્પન્ન થતો નથી''(મહા.ભાર.અનુ.૧૪૯/૧૩૧) તથા ''તે માધવ ભગવાનના ભકતો ધર્મ માર્ગથી કયારેય પણ ભ્રષ્ટ થતા નથી કારણકે તે તમારામાં સૌહાર્દપણાથી બંધાયેલા છે. તમારાથી રક્ષણ કરાયેલા તે નિર્ભયપણે વિચરે છે.'' તમારી સેવા કરનારાઓને દેવતાઓ ઘણાં બધાં વિઘ્નો કર્યા કરે છે, છતાં તે બધાંનું ઉલ્લંઘન કરીને, તે પરમ પદને પામે છે, તે બીજા કોઈને પણ ભગવાન સિવાય પોતાનો ભાગ બલિરૂપે આપતા નથી. તેને માથે ગમે તેટલાં વિઘ્ન આવે તો પણ તે તમારા વડે રક્ષાયેલાં પરંપદને પામે છે. મારા પરાયણ શાંતરૂપા કયારેય પણ નાશ પામતા નથી. તે મારા ભકતોને હું નિરંતર જોઉં છું. જેઓનો હું આત્મા, પુત્ર, મિત્ર, ગુરૂ, સુહૃદય અને ઈષ્ટદેવ છું. ભગવદ્ભકતો જ દેહના અંત સમયે નિરતિશય આનંદવાળા બ્રહ્મધામમાં બ્રહ્માદિ દેવોને પણ દુર્લભ પરમ સુખને પામે છે. **"અવિદ્યાનું નિવારણ થઈ ગયા પછી માયાવી એવી મારી તે સત્યલોક વગેરેમાં રહેલી ભોગ સમ્પત્તિને, ભક્તિની પાછળ આવેલ અણિમાદિ અષ્ટાંગ ઐશ્વર્યને, ભગવત્સમ્બંધી, કલ્યાણકારી સંપત્તિને જો કે તેઓ ઈચ્છતા નથી. તો પણ વૈકુંઠ લોકને અવશ્ય પામે છે.'' (ભાગ-૩/૨૫/૩૭) ભક્તિની પ્રવૃત્તિ પછી સ્વયં પ્રાપ્ત થનારી અષ્ટસિદ્ધિ અથવા વૈકુંઠ લોકનાં ભગવાનનાં ઐશ્વર્યની પણ ઈચ્છા કરતાં નથી. તો પણ મારા ધામમાં પહોંચવાથી તેમને આ બધી વિભૂતિઓ આપો આપ જ પ્રાપ્ત થઈ જાય છે.''** તે ભક્તિ યથાધિકાર પોતપોતાના વર્ણાશ્રમ ધર્મમાં રહીને જ મનુષ્ય વડે કરાય તો જ ફળે છે. અન્યથા **''સ્વધર્મ વિના જે**

કંઈ દેવતારાધનાદિક જે કંઈ કરવામાં આવે છે તે સર્વે રેતીના મહેલનીજ જેમ તત્કાળ નાશ પામે છે.'' ''જે લોકો સ્વધર્મને છોડીને ભક્તિ માત્રથી જીવે છે, તેની ઉપર વિષ્ણુ ભગવાન રાજી થતા નથી. સદાચારથી જ તે રાજી થાય છે'' ઈત્યાદિ. નારદ પુરાણમાં કહેલ છે. **ધર્મના સ્થાપનને માટે જ ભગવાનના અવતાર થાય છે.**

નનુ - સ્વધર્મ અને ભક્તિનો ભેદ કેવી રીતે કહેવાય છે. જે સ્વધર્મ તેજ ભક્તિ, સ્વધર્મ એટલે બધી જ ઈન્દ્રિઓને સ્વાભાવિક પોતપોતાના વિષયનું ગ્રહણ કરવું તેવું લક્ષણ પ્રસિદ્ધ છે. **''હે શંકરજી ! આપ અમારા આત્મા છો, મારી બુદ્ધિ આપની શક્તિ પાર્વતી છે, મારા પ્રાણ આપના ગણ છે, મારૂં આ પંચભૌતિક શરીર આપનું મંદિર છે, સંપૂર્ણ વિષય ભોગની રચના આપની પૂજા જ છે. હું જે સુંવુ છું તે તમારી ધ્યાન સમાધિ છે, મારૂં હરવું ફરવું તમારી પરિક્રમા છે. મારી વાણીથી નિકળતા પ્રત્યેક ઉચ્ચારણ આપનો સ્તોત્ર અને મંત્ર છે. આ પ્રમાણે હું આપનો ભક્ત જે જે કર્મ કરૂં છું, તે આપની આરાધના છે.''(શીવ માનસપૂજન/આદી.શંકરાચાર્ય)** એમ જો હોય તો જાવ કુલાર્ણવે કહેલા આચારવાળા શક્તિ પંથીઓના સ્થાનરૂપ તેવા પોતાની મનમાની ભક્તિના વિધાન માટે છે, એટલું કહેવું બસ છે.

''શ્રુતિ સ્મૃતિ પુરાણના અર્થથી વિરૂદ્ધાંશ વાણી, દર્શન યોગ્ય પુરૂષ જ જગતના ઈશના મૂળનો છેદ કરનાર છે. '' (શ્લોક-૧)

''વર્ણાશ્રમને યોગ્ય ધર્મ વેદોએ કહેલ છે, સાધુ પુરૂષોને સમ્મત છે. નવ પ્રકારે કરીને ભગવાનનું પ્રેમથી ભજન કરવું તેને ભક્તિ કહેવાય.'' (શ્લોક–૨)

''પંચ વિષયથી અસંગ રહેવું તે વૈરાગ્ય છે, તેનાથી સુખનિધિ એવા વાસુદેવ ભગવાનમાં પ્રેમ સ્નેહ વધે છે.'' (શ્લોક–૩)

''સદ્‌ગુરૂના ઉપદેશથી દેહથી જુદો પોતાના જીવાત્માને બ્રહ્મરૂપે અનુસંધાન કરીને પછી ભગવાન શ્રી હરિને ભજવા.'' (શ્લોક–૪)

''માટે ચારેય વર્ણોએ તથા ચારેય આશ્રમીઓએ અને વર્ણથી બહાર અને અનાશ્રમીઓ તથા આશ્રમથી પર રહેલા અત્યાશ્રમીઓએ પોતપોતાના ધર્મમાં રહેલા વિષય વિરક્તોએ બ્રહ્મરૂપે આત્મા વડે સર્વપ્રકારે શ્રી વાસુદેવ ભગવાનના ચરણ કમળની ઉપાસના કરવી તે સિદ્ધાંત છે. ભક્તિના અંતરાય પર વાદી કુર્તક જાળને હરવા માટે મેં આ શ્રીમન્ ઉદ્ધવ સિદ્ધાંત કહ્યો છે જે પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છતા હોય તેમણે આને હંમેશા સાંભળવો અથવા પાઠ કરવો અથવા આનું ચિતવન કરવું.'' (શ્લોક–૫)

''ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે માનવ જીવનના ઉદ્‌દેશથી સુપરિચિત્ત એવા મેં શતાનંદમુનિએ આ ઉદ્ધવીય સિદ્ધાંતને નિરૂપણ કર્યું છે.'' (શ્લોક–૬)

''જે અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિના કારણ છે. પ્રકૃતિ પુરૂષથી પર પોતાના તેજોમય અક્ષર ધામમાં વિરાજમાન છે. વેદોએ જેના મહિમાનું ગાન કરેલું છે. એવા ભકિતધર્મના પુત્ર આ પૃથ્વી ઉપર મનુષ્ય આકૃતિ (શરીર)ને ધારણ કરીને જેમણે ધર્મે સહિત ભક્તિનો વિસ્તાર કર્યો છે, તેના એક માત્ર શરણ્ય એવા હે સહજાનંદ સ્વામી ! પ્રભુ ! તમે મને તમારી એકાંતિકિ ભકિત જ આપો.'' (શ્લોક–૭)

ઈતિ શ્રીમદ્ઉદ્ધવ સંપ્રદાયાચાર્ય શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય શતાનંદમુનિ વિરચિત શ્રી ઉદ્ધવ સિદ્ધાંતનું ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

સંદર્ભ ગ્રંથ

૧. શ્રીમદ્ ભાગવત્

૨. શ્રીમદ્ ભગવદ્ ગીતા

૩. શ્રી તૈતિરીય આરાણ્યક

૪. શ્રી છાન્દોગ્યોપનિષદ્

૫. શ્રી મહાનારાયણીયોપનિષદ્

૬. શ્રી સુબાલોપનિષદ્

૭. શ્રી મહાભારત

૮. શ્રી અમનસ્કોપનિષદ્

૯. શ્રી બૃહદારણ્યોકોપનિષદ્

૧૦. શ્રી શ્વેતાશ્વેતરોપનિષદ્

૧૧. શ્રી પંચદશી

૧૨. શ્રી મહાભાષ્ય–(પાણીનિ અષ્ટાધ્યાય)

૧૩. શ્રી બ્રહ્મબિંદુ ઉપનિષદ્

૧૪. શ્રી શતપથ બ્રાહ્મણ

૧૫. શ્રી મુન્ડકોપનિષદ્

૧૬. શ્રી સાર્વસારોપનિષદ્

૧૭. શ્રી સ્કન્દપુરાણ–વાસુદેવ મહાત્મ્ય

૧૮. શ્રી હરિવંશ (ખિલવંશ,ઉત્તરમહાભારત)

૧૯. શ્રી શ્વેતાશ્વેતરોપનિષદ્

૨૦. શ્રી વિષ્ણુપુરાણ

૨૧. શ્રી શિવમાનસ પૂજા–શ્રી શંકરાચાર્ય

****